વરાછા ઝોન-એના અધિકારીની બદલી મુદ્દે મનપામાં ધમાસાણ

# ‘મને વિશ્વાસમાં લીધા વિના અધિકારીની બદલી કેમ કરી?’

**મેયરે** કમિ.ને સંકલન કર્યા વિના જ બદલી કરાયાની રાવ કરી

સુરતઃ મનપામાં નવા કમિશનર તરીકે જવાબદારી સંભાળ્યાને હજુ માંડ ત્રણ અઠવાડિયાં થયાં છે ત્યાં જ રાજકુમાર બેનીવાલ અને ભાજપ શાસકો વચ્ચે ઘર્ષણના એંધાણ દેખાવા લાગ્યા છે. ગઇકાલે વરાછા-એ ઝોનમાં કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવતા અધિકારીને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કાર્યપાલક ઇજનેર તરીકે મુકવામાં આવતા મેયર માયા માવાણી ભારે અકળાયા હોવાની માહિતી મળી છે.

### શિડ્યુલમાં જગ્યા જ નથી, તો સોલિડ વેસ્ટમાં કા.ઇજનેરની નિમણૂક કેવી રીતે?

સુરત મનપાના સૌથી વધુ વિવાદી બનેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કમિશનર રાજકુમાર બેનીવાલે કાર્યપાલક ઇજનેર તરીકે મૌલિક રાવની નિમણૂક કરવાના ઓર્ડર કરતાં હવે ઓર્ડર સામે જ મોટો પ્રશ્ન ઊભો થયો છે. મનપાના મંજૂર શિડ્યુલમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કાર્યપાલક ઇજનેરની જગ્યા જ ઉપલબ્ધ ન હોવા છતાં આ નિમણૂક કેવી રીતે કરવામાં આવી? તે મુદ્દો મનપાના વહીવટી અને રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મેયરને ઓર્ડરની જાણ મીડિયા મારફતે થઈ! પોતાના નિવાસસ્થાનવાળા વરાછા-એ ઝોનમાં જવાબદાર અધિકારીની બદલી કરવામાં આવી હોવા છતાં મેયરને વિશ્વાસમાં લેવામાં નહીં આવતાં મેયર માયાબેન અકળાયા હતા. મેયરે કમિશનરને ફોન કરી સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરી હતી તેમજ ઝોનમાં જવાબદાર અધિકારીની બદલી કે નવી જવાબદારી સોંપવામાં આવે ત્યારે શાસકોને વિશ્વાસમાં લેવાની જરૂર છે કે નહીં? તેવો સવાલ કર્યો હતો.

# પોકસોમાં ૨૦ વર્ષની સજા ભોગવતાને ફરી પોકસોમાં જ ૨૦ વર્ષની સજા

સુરતઃ લાલગેટ પોલીસ સ્ટેશને નોંધાયેલા પોકસો એક્ટમાં ૨૦ વર્ષની સજા ભોગવતા પાકા કામના કેદી આરોપી જમીલ ઉર્ફે જમુ રઝાક ખાન પઠાણ (ઉં.વ.૨૮, પ્લમ્બિંગ)ને અઠવા પોલીસ સ્ટેશને નોંધાયેલાં પોક્સો એક્ટ અન્વયે સ્પેશિયલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ સજા અગાઉની સજા પૂરી થયા બાદ શરૂ થશે.

ફરિયાદ પક્ષનો આરોપ હતો કે આરોપી જેલમાંથી પેરોલ રજા પર છૂટ્યા બાદ સાડા પાંચ વર્ષની માસૂમ બાળકી સાથે બદકામ કરવાના ઈરાદે ઉપાડીને લઈ જતો હતો. જેથી બીએનએસની કલમ ૭૧ મુજબનો ગુનો કર્યો હતો. પરંતુ તપાસ અધિકારી દ્વારા સજા વોરંટ, પેરોલ હુકમ સહિતનાં પુરાવા રજૂ કરી શક્યા નહીં.

આ કેસની વિગત એવી હતી કે તા.૧૦/૧૧/૨૦૨૪ના રોજ રાત્રે આરોપીએ સુરતના નાનપુરા વિસ્તારમાં સાડા પાંચ વર્ષની ફરિયાદીની સગીર ભત્રીજીનું અપહરણ કરી લઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

ભાગતી વખતે તે પડી જતાં બાળકી રડવા લાગી, જેના પર આરોપી ઉપર ચડી ગયો, મોઢું દબાવ્યું અને શરીરના સંવેદનશીલ ભાગો પર હાથ ફેરવ્યો હતો. લોકો જાગી જતાં આરોપી બાળકીને છોડીને નાસી ગયો હતો.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા કેદ થઈ હતી. અઠવા પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલતા સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી જમીલ ઉર્ફે જમુને ૨૦ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. સાથે રૂ.૫ લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો હતો.

# 13 વર્ષ બાદ વિસર્જન યાત્રામાં વિરાટ જહાજ જોવા મળશે

**સોની ફળિયાના** યુવાનોનું અનોખું આયોજન



સુરતઃ ગણેશોત્સવના સમાપન નિમિત્તે સુરતના સોની ફળિયા, હિન્દુ મિલન મંદિર ગોપીપુરા ખાતે આવેલા એની બેસન્ટ યુવકમંડળ દ્વારા આ વર્ષે શ્રીજીની વિસર્જન યાત્રાને અનોખું સ્વરૂપ આપવામાં આવ્યું છે. મંડળ દ્વારા વિરાટ જહાજ તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં ગણેશજીની પ્રતિમાને બિરાજમાન કરીને વિસર્જન માટે લઈ જવામાં આવશે. વર્ષ-2013માં પણ મંડળ દ્વારા આ જ પ્રકારે વિરાટ જહાજ તૈયાર કરીને શ્રીજીની વિદાય યાત્રા યોજવામાં આવી હતી. આજે ગણેશજીની પ્રતિમાને વિરાટ જહાજમાં બિરાજમાન કરવામાં આવશે અને હિન્દુ મિલન મંદિર ખાતેથી ભવ્ય વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે. જહાજના સ્વરૂપમાં તૈયાર કરાયેલા આ વિશાળ વાહનમાં શ્રીજીની પ્રતિમા સાથે યુવકો અને ભક્તો જોડાશે. અનોખા જહાજમાં શ્રીજીની સવારી શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થનાર હોવાથી માર્ગમાં ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

વિસર્જન યાત્રા હિન્દુ મિલન મંદિરથી પ્રસ્થાન કર્યા બાદ અંબાજી મંદિર, ભાગળ ચાર રસ્તા, ચોક બજાર થઈ આગળ વધશે. ત્યારબાદ યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ જહાંગીરપુરા નજીક તાપી નદીના કિનારે પહોંચશે, જ્યાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે. 13 વર્ષ બાદ ફરી એકવાર વિરાટ જહાજમાં શ્રીજીની વિસર્જન યાત્રા યોજાતા એની બેસન્ટ યુવકમંડળના કાર્યકરો અને ભક્તોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંપરાગત વિસર્જન યાત્રાથી અલગ જહાજના સ્વરૂપમાં શ્રીજીને વિદાય આપવાની આ અનોખી કલ્પના શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

# હાર્ટ એટેકના નિદાનથી 2D ઈકો-ટીએમટી સુધીની સુવિધા હવે સિવિલમાં જ

**કિડની** બિલ્ડિંગના ચોથા માળે કાર્ડિયોલોજી OPD શરૂ

સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં હૃદયરોગના દર્દીઓ માટે સારવારની સુવિધાઓ વધુ સુલભ બનાવવામાં આવી છે. હોસ્પિટલના કિડની બિલ્ડિંગના ચોથા માળે કાર્ડિયોલોજી OPD શરૂ કરવામાં આવી છે. અહીં હૃદયરોગના નિષ્ણાત તબીબોની સલાહ સાથે 2D ઈકો, TMT સહિતની તપાસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. હાર્ટ એટેકનું તાત્કાલિક નિદાન કરવા માટે જરૂરી કાર્ડિયાક માર્કર્સ, CPK-MB અને ટ્રોપોનિન જેવા વિશેષ રક્ત પરીક્ષણો પણ વિનામૂલ્યે કરવામાં આવી રહ્યાં છે. હોસ્પિટલના જણાવ્યા મુજબ દર મહિને વિનામૂલ્યે અંદાજે 1,000 દર્દીઓના 2D ઈકો કરવામાં આવે છે.

### બાળકો અને ગર્ભવતી મહિલાઓ માટે સ્ટેમસેલ બિલ્ડિંગમાં સેવા

હૃદયરોગની સારવાર માટે આવતા બાળકો તથા ગર્ભવતી મહિલાઓને અલગ-અલગ બિલ્ડિંગમાં ધક્કા ન ખાવા પડે તે માટે સ્ટેમસેલ બિલ્ડિંગના પહેલા માળે વિશેષ કાર્ડિયોલોજી સેવા શરૂ કરવામાં આવી છે. અહીં સોમવાર, બુધવાર અને શનિવારે બપોરે 12થી 1 વાગ્યા દરમિયાન કાર્ડિયોલોજી ડોક્ટર ઉપલબ્ધ રહેશે.

# સુરત એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસના બોર્ડિંગ મુદ્દે વિવાદ

**મુસાફરે** 6:20 વાગ્યે ગેટ પર પહોંચ્યાનો દાવો કર્યો, એરલાઈન્સે 25 મિનિટ અગાઉ ગેટ બંધ થતો હોવાનું જણાવ્યું

**એર** ઈન્ડિયા એક્સપ્રેસે કહ્યું, બોર્ડિંગ માટે અનેક વખત એનાઉન્સમેન્ટ કરાઈ હતી, પણ 3 પેસેન્જરે પ્રતિસાદ આપ્યો ન હતો

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી બેંગ્લુરુ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં બોર્ડિંગને લઈ મુસાફર અને એરલાઈન્સ સ્ટાફ વચ્ચે થયેલા વિવાદનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મામલો ચર્ચામાં આવ્યો છે. મુસાફર તરુણ મિશ્રાએ આક્ષેપ કર્યો છે કે તેઓ સાંજે 6:20 વાગ્યે બોર્ડિંગ ગેટ પાસે પહોંચી ગયા હોવા છતાં તેમને અને તેમની સાથેના અન્ય મુસાફરોને ફ્લાઈટમાં પ્રવેશવા દેવામાં આવ્યો ન હતો. તેમણે સ્ટાફના વર્તન સામે આક્ષેપો કરતાં કહ્યું હતું કે, ‘VIP હોત તો ફ્લાઈટ રોકી લેવાત.’

બીજી તરફ એર ઈન્ડિયા એક્સપ્રેસે મુસાફરના આક્ષેપોના જવાબમાં સ્પષ્ટતા કરી છે કે સમય 6:35 વાગ્યાનો હતો. એરલાઈન્સના જણાવ્યા પ્રમાણે બોર્ડિંગ ગેટ નિર્ધારિત પ્રસ્થાન સમયના 25 મિનિટ પહેલાં બંધ કરવામાં આવે છે અને મુસાફરોને બોર્ડિંગ માટે આગળ વધવા માટે અનેક વખત એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવી હતી. વાયરલ થયેલા વિડીયોમાં તરુણ મિશ્રાએ જણાવ્યું હતું કે, તેમની ફ્લાઈટનો સમય સાંજે 6:35 વાગ્યાનો હતો અને તેઓ 6:20 વાગ્યે બોર્ડિંગ ગેટ પર હાજર હતા. તેમ છતાં સ્ટાફે તેમને અંદર જવાની મંજૂરી આપી ન હતી. મિશ્રાએ આક્ષેપ કર્યો હતો કે, ‘મેનેજરે 15 મિનિટ સુધી દલીલો કરી, ગેટ ખુલ્લો હોવા છતાં પ્રવેશ આપ્યો ન હતો. મુસાફરે એવો પણ દાવો કર્યો છે કે તેમની સાથે રહેલી એક વિદેશી મહિલા મુસાફરનું આગળનું કનેક્ટિંગ શિડ્યુલ ખોરવાઈ જવાની સ્થિતિ સર્જાતાં તે પરેશાન થઈ ગઈ હતી. મુસાફરના જણાવ્યા મુજબ તેમને બેંગ્લુરુમાં ‘વર્લ્ડ હેપ્પીનેસ સમિટ’ના કાર્યક્રમમાં હાજરી આપવાની હતી. ફ્લાઈટ ચૂકી જતાં ટેક્સી કરી અમદાવાદથી બેંગ્લુરુ પહોંચ્યો હતો.

# 551 કિલો ટીશ્યુ પેપરના શ્રીજીનું પંચામૃતથી વિસર્જન

**પાર્લેપોઈન્ટ** કેશવ પાર્ક ગ્રાઉન્ડમાં વારાણસીના 7 પંડિત દ્વારા ગંગા આરતીની શૈલીમાં ગણેશ આરતી, આશરે એક લાખ ભક્તો બનશે સાક્ષી



સુરતઃ ગણેશોત્સવની ભક્તિ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા સિટીલાઈટ સ્થિત સરકાર ગણેશોત્વ દ્વારા આ વર્ષે અનોખા વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું છે. 551 કિલો ટીશ્યુ પેપરથી તૈયાર કરવામાં આવેલી ગણેશજીની પ્રતિમાનું નદી કે દરિયામાં વિસર્જન કરવાને બદલે પાર્લેપોઈન્ટ કેશવપાર્ક ગ્રાઉન્ડ ખાતે પંચામૃત અભિષેક અને શાસ્ત્રોક્ત વિધિ સાથે વિસર્જન કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ ગુજરાતમાં પ્રથમવાર આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિસર્જન પ્રસંગે આશરે એક લાખ ભક્તો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. કાર્યક્રમને ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ આપવા માટે વારાણસીથી સાત પંડિતોને ખાસ બોલાવવામાં આવ્યા છે.

# ગણેશ વિસર્જનના દિવસે એકતાની પરંપરા જાળવવા કદીર પીરઝાદાની અપીલ

સુરતઃ સુરત શહેરના માજી મેયર તથા મોટા મિંયા માંગરોળ એકલબારા પાદરાના ગાદીપતિ કદીરભાઈ પીરઝાદાએ સુરત શહેરમાં ચાલી રહેલા ગણેશોત્સવની ઝેન-ઝી સહિત તમામ ગણેશ ભક્તોને ઉત્સાહપૂર્વક ઉજવણી બદલ શુભેચ્છા પાઠવી છે. ગણેશ વિસર્જન પ્રસંગે સુરતની વર્ષો જૂની કોમી એકતા અને ભાઈચારાની ઐતિહાસિક પરંપરા જાળવી રાખવા અપીલ કરી છે. સ્વામી અંબરીશાનંદ મહારાજને પણ ગણેશોત્સવ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે શાંતિપૂર્ણ અને ભાઈચારાભર્યા વાતાવરણમાં વિસર્જન ઉજવવા અપીલ કરી હતી.





સોનાલી પટેલ, ભૂમિ, સ્વરા, કૃપાંશી, પ્રિયાંશી-ડાંગી શેરી, દિલ્હી ગેટ


આધ્યા ભગવાકર, હિદયા ભગવાકર, આયુષી ભગવાકર - ઇસ્કોન પ્લાઝા, આનંદ મહલ રોડ


જીવિકા, મનીષા અને વિજય જાદવ સંધ્યાવંદન સોસા., પાલનપુર જકાતનાકા


અજય, ભરત, પ્રાગી, દૈવિક, મયૂર પટેલ - રત્નદીપ સોસાયટી, ભટાર ટેનામેન્ટ


ચેતનભાઈ પટેલ ગોકુલધામ, મલગામા


ચંદ્રેશ ચૌહાણ - તૃપ્તિ સોસાયટી, વેડ રોડ


નિશિત મોદી, આશિષ પરમાર શિવછત્ર રેસિડેન્સી, પાલ


પ્રાશી હિનલ ભૌમિક પટેલ - પટેલ ફળિયું, પાલગામ સુરત


રિતીકા - મહાત્મા ગાંધી સોસાયટી, સિટીલાઈટ


દિવ્યેશ કાનુડકર - તિરુપતિ સોસાયટી, પાલનપુર પાટિયા


મોહિત પચ્ચીગર - વીર એક્ઝોટિકા, પાલ


વત્સલ પટેલ - હરિધામ રો હાઉસ, જહાંગીરપુરા


પુષ્પા અને આનંદ જાદવ - તિરુપતિ સોસા., વેડ રોડ


ગાર્ડન કા રાજા, ઉધના


પરિમલ મેહતા, જૈનિત ગાંધી પાર્થ ભાવસાર, હેનેશ મૈસુરિયા, રાહુલ રાણા - મોટા મંદિર


અનિલ મશરૂવાલા - અંબાનગર, BRTS કેનાલ રોડ


સ્નેહા ઉર્મીશ જરીવાલા, હીરા મોદીની શેરી, સગરામપુરા


દિગ્નેશ પોપે, પ્રિતી પોપે, આરોહી પોપે યોગાન શેરી યુવક મંડળ, સગરામપુરા


નીતા અને રાજુ, લાલબાગ કા રાજા, લાલ બંગ્લોઝ, અઠવાલાઈન્સ


ડો.મિલિંદ-ડો.માનસી-માસુમી વાડેકર, ડો.પિનાક-ડો.નિધિ કાપડિયા, સુકેન-મિનલ-ક્રિશા શાહ, ડો.પરિતા દેસાઇ, ચાંદની દેસાઇ - રિટ્રીટ હાઇટ્સ, વેસુ


દેવ જરીવાલા - વિશ્વેશ્વર મહાદેવની શેરી, મંછરપુરા


દ્રિશા પટેલ - સરસાણા ગામ


અનિલભાઈ મેશિયા, મોટા વરાછા


દાલિયા રોનક - બાળ ગણેશ યુવક મંડળ, સલાબતપુરા


શ્રેય જોષી - ટીમલિયાવાડ, નાનપુરા, સુરત